સરકારી ડ્રાય હોસ્ટેલમાં ભોજનની
સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૨૦૨૦૧૬/૭૪૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૧૦/૨૦૧૬

<u>વંચાણે લીધા</u>:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૦/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૧૩/ ન.બા.૧૬/ગ

(૨) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૦૭/૦૯/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ/છતલ/૨/ ફા.નં./૨૦૧૬-૧૭/૧૯૫૦.

<u>ઠરાવ</u>:-

રાજ્યમાં અનુસૂચિત જનજાતિના ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ સરકારી ડ્રાય હોસ્ટેલ ચલાવવામાં આવે છે. આ ડ્રાય હોસ્ટેલમાં રહેતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ભોજન ખર્ચને પહોંચી વળવા માટે હાલમાં કુલ ૧૦ માસ માટે વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૧,૦૦૦/- ભોજન સહાય ચુકવવામાં આવે છે અને જમવાની વ્યવસ્થા વિદ્યાર્થીઓએ પોતાની રીતે કરવાની રહે છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારમાંથી અભ્યાસ અર્થે આવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ભોજન ખર્ચ પેટે ચૂકવવામાં આવતી ભોજન સહાયની આ રૂ.૧,૦૦૦/-ની રકમ હાલના સમયમાં અપુરતી જણાય છે, અને ડ્રાય હોસ્ટેલોમાં રહીને અભ્યાસ કરવામાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે, તેમજ વ્યવસ્થિત ભોજન મળવાનું પણ મુશ્કેલ બને છે. ઉપરાંત જમવાની વ્યવસ્થા જાતે કરવાની હોવાથી સમયનો પણ દુર્વ્યય થાય છે. આ સઘળી બાબતોને ધ્યાને લઈ, સરકારી ડ્રાય હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને હાલમાં ચૂકવવામાં આવતી રૂ.૧,૦૦૦/-ની સહાયના બદલે આ ડ્રાય હોસ્ટેલમાં આઉટસોર્સિંગના ધોરણે ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી ડ્રાય હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ભોજન ખર્ચ પેટે હાલમાં ચૂકવવામાં આવતી ભોજન સહાયના બદલે આઉટસોર્સિંગના ધોરણે ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી રકમની જોગવાઈ સુધારેલા અંદાજપત્રમાં કરાવી લેવાની રહેશે.

૩. ભોજનની આ સુવિધામાં સવારનો નાસ્તો તથા બે ટાઈમનું ભોજન આપવાનું રહેશે અને તે પૌષ્ટિક અને ગુણવત્તાસભર હોય, તે કમિશનરશ્રી (આ.વિ.)એ જોવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૭૪ VKY-૧૭૧ સરકારી ડ્રાય હોસ્ટેલ (ધોરણ ૮ થી ૧૨) તેમજ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૩૨ VKY-૧૭૧ સરકારી ડ્રાય હોસ્ટેલ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૪/૦૯/૨૦૧૬ની નોંધ તેમજ સરકારશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

પરમ સન્માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
નાણા સલાહકારશ્રી (આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેક્ટ ફાઈલ.